# વિષય - પર્યાવરણ  ૨. કાન થી કાન

❖ અધ્યયન નિષ્પતિઓ :- ૧. પક્ષીઓ અને પ્રાણીઓમાં રહેલ વિવિધતાઓને ( ચાંચ, પંજાઓ, કાન, વાળ, માળો અને રહેઠાણ વગેરે ) ઓળખશે.
૨.અવલોકનક્ષમ લક્ષણોના આધારે પ્રાણીઓ, પક્ષીઓનાં જૂથ પાડશે ( દેખાવ પરથી - કાન, વાળ, ચાંચ, દાંત, ચામડી વગેરે અને વૃતિ પરથી- પાલતું / જંગલી, ઈંડા મૂકતા / બચ્ચાંને જન્મ આપતાં )

**પ્રશ્ન- ૧. નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(૧) નીચેનામાંથી કયા પ્રાણીના કાન આપણે જોઇ શકતા નથી ?...............................

(અ) સસલું (બ) હાથી (ક) વાંદરો (ડ) દેડકો

(૨) નીચેનામાંથી કયા પ્રાણીના કાન માથાની ટોચ પર હોય છે ?...........................

(અ) હાથી (બ) માણસ (ક) ગરોળી (ડ) કૂતરો

(૩) નીચેનામાંથી કયા પ્રાણીના કાન પંખા જેવા મોટા હોય છે ?.....................................

(અ) હાથી (બ) ઉંદર (ક) જિરાફ (ડ) મોર

(૪) કયું પ્રાણી જેને પાંખો છે, આકાશમાં ઊડી શકે છે છતાં બચ્ચાને જન્મ આપે છે ?.................................

(અ) કબૂતર (બ) બાજ (ક) વાગોળ (ડ) ખિસકોલી

(૫) ચામાચિડિયા માટે નીચેના પૈકી શું સાચું નથી ?.........................................................................

(અ) તેને પાંખો હોય છે. (બ) તે ઈંડું મૂકે છે. (ક) તે બચ્ચાંને જન્મ આપે છે. (ડ) તેને કાન હોય છે.

(૬) નીચેનામાંથી કયું પ્રાણી બચ્ચાંને જન્મ આપે છે ?.............................

(અ) સાપ (બ) મોર (ક) કાચબો (ડ) ઉંદર

(૭) નીચેના પૈકી કયું પ્રાણી ઈંડા મૂકે છે ?...............................

(અ) ચામાચિડિયું (બ) મગર (ક) હરણ (ડ) ગેંડો

(૮) નીચેનામાંથી કયા પ્રાણીના શરીર પર વાળ હોતા નથી ?................................

(અ) મરઘી (બ) ઉંદર (ક) સિંહ (ડ) ભેંસ

(૯) વાઘ માંસ ખાય છે અને જીભથી પાણી પીએ છે. તેને ................................કહેવાય.

(અ) પાલતું પ્રાણી (બ) તૃણાહારી (ક) માંસાહારી (ડ) મિશ્રાહારી

**પ્રશ્ન-૨. માગ્યા પ્રમાણે જવાબ આપો.**

(૧) જેના કાન પર્ણો જેવા હોય તેવા પ્રાણીઓના નામ લખો. ...................................................................

(૨) જેના કાન પંખા જેવા મોટા હોય તેવા પ્રાણીઓના નામ લખો...................................................................

(૩) જેના કાન માથાના ટોચ પર હોય તેવા પ્રાણીઓના નામ લખો...................................................................

(૪) જેના કાન માથાની બંને બાજુએ હોય તેવા પ્રાણીઓના નામ લખો.........................................................

(૫) એવા બે પ્રાણીઓના નામ આપો જે બચ્ચાને જન્મ આપે છે અને આકાશમાં ઉડી શકે છે...........................

(૬) પક્ષીઓને સાંભળવા માટે કાનની જગ્યાએ શું હોય છે અને તે શાનાથી ઢંકાયેલા હોય છે?............................

.................................................................................................................................

.................................................................................................................................

(૭) કેવાં પ્રાણીઓ બચ્ચાને જન્મ આપે છે ?.................................................................................

.................................................................................................................................

(૮) કેવાં પ્રાણીઓ ઈંડા મૂકે છે ?............................................................................................

.................................................................................................................................

પ્રશ્ન-૩. નીચે આપેલા પ્રાણીઓનું બચ્ચાંને જન્મ આપતાં અને ઈંડા મૂકતાં પ્રાણીઓમાં વર્ગીકરણ કરો.

( મગર, હરણ, ગાય, કાગડો, કાચબો, વાઘ, ગરોળી, પોપટ, માછલી, દેડકો, વાંદરો, હાથી, સાપ, ચકલી, ઉંદર, કાચિંડો )

| | |
|---|---|
| ઈંડા મૂકતા પ્રાણીઓ | |
| બચ્ચાંને જન્મ આપતાં પ્રાણીઓ | |

પ્રશ્ન- ૪. (અ) મને ઓળખી કાઢો.

(૧) હું સૂંઢ વડે પાણી પીવું છું.

(૨) મારા બચ્ચાંને મીંદડું કહે છે.

(૩) હું પાલતું પ્રાણી છું અને મારા રહેઠાણને તબેલો કહે છે.

(૪) હું એક માછલી છું અને બચ્ચાંને જન્મ આપું છું.

(૫) હું નાનકડું પક્ષી છું અને ઘરમાં માળો બાંધું છું.

પ્રશ્ન-૪(બ) નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો.

(૧) દેડકો જમીન અને પાણી બન્નેમાં રહે છે.

(૨) પક્ષીઓને સાંભળવા માટે માથાની બાજુએ કાન હોય છે.

(૩) ઘેટાનાં શરીર પર વાળ હોતાં નથી.

(૪) ઘેટાં - બકરાં પાલતું પ્રાણી છે અને તેના રહેઠાણ ને વાડો કહે છે.

(૫) પક્ષીઓને ચામડી પર વાળ હોતાં નથી અને પીંછાં હોય છે.

પ્રશ્ન-૫. બંધ બેસતાં જોડકાં જોડો.

| વિભાગ _ અ | વિભાગ - બ |
|---|---|
| (૧) પાણી અને જમીન બન્ને જગ્યાએ રહેતું પ્રાણી - | (અ) કૂતરો |
| (૨) આકાશમાં ઉડતું અને બચ્ચાં ને જન્મ આપતું પ્રાણી - | (બ) ગાય |
| (૩) કોઢમાં રહેતું પાલતું પ્રાણી - | (ક) ચામાચિડિયું |
| (૪) મિશ્રાહારી અને પાલતું પ્રાણી - | (ડ) કાચબો |